# ખંભાતનું સાંસ્કૃતિક દર્શન

## પ્રકરણ ૧

## સાગરકાંઠે સ્તંભતીર્થ

સાગર એટલે તો જાણે
આકાશ ઉતારી પૃથ્વીએ પાથર્યું.
દરિયાવનો હાથ લંબાવીને જાણે
ઝીલી રહ્યો છે જલહથેલીમાં સ્તંભતીર્થને.[1]

**કવિ નાનાલાલ**

'પશ્ચિમ ગુજરાત સાગરસફરી ને જગત્‌વ્યાપારી હતી. પૂર્વમાં જાવા-સુમાત્રા ને ચીનમાં ને મીસરમાં ગુજરાતનાં વ્યાપારી જહાજો જતાં આવતાં.

'લક્ષ્મી સાગરપુત્રી છે. સાગર ગુજરાતને ધનની પાંખડીઓથી અભિષેકતો. હજારો વર્ષથી ગુર્જર મહાપ્રજા જગતની સાગરખેડતી વ્યાપારી મહાપ્રજા છે. આજેય હિન્દી મહાસાગર ગુજરાતીઓને મન સરોવર છે. ગુજરાતનો ખારવો દુનિયાના સર્વોત્તમ ખારવાની સ્પર્ધા કરી હરાવે એવો છે.

'સ્તંભતીર્થનાં, સુરતનાં, સંજાણનાં, ભૃગુકચ્છનાં બહારાંઓમાં થઈ ને પૃથ્વીની લક્ષ્મી ગુજરાતે પધારતી. શ્રીકૃષ્ણે મથુરાં ત્યાગી સાગરવાસ કીધો, શ્રીકૃષ્ણના વંશજો વસ છે; જામનગરને અને દ્વારકાને ખોળે! તો આજેય સાગર મોતીઓ ઉછાળી ગુજરાતને વંધાવે છે. ગુજરાતની નીલી અને લીલી પાંખે દેશને લક્ષ્મી ઊભરાતો કીધો.'[2]

ગુજરાતપ્રાંતની ભૌગોલિક સ્થિતિ અન્ય પ્રાંતની સરખામણીમાં વિશિષ્ટ પ્રકારની છે. તેમાં પણ ખંભાત ગુજરાતના મધ્યકેન્દ્રને દીપાવે છે. ખંભાતનો અખાત ભૂમિમાં પ્રવેશીને સૌરાષ્ટ્રને દ્વીપકલ્પ બનાવ્યો છે; સમુદ્રકિનારાએ ગુજરાતની નૌકાપ્રવૃત્તિને વેગ આપ્યો છે; ગુજરાતીઓને દુનિયાભરના લોકોનો સંપર્ક કરાવ્યો છે. જગતના લોકો સાથે સંસ્કારનો સારો વિનિમય કર્યો છે ને સામાજિક સંસ્કારનું ઘડતર રચ્યું છે. આપણા પ્રાંતે પરદેશીઓને વધારે પ્રમાણમાં સમાવીને અપનાવ્યા છે.

### ચોરાસી બંદરનો વાવટો

સોલંકી રાજાઓના સમયમાં ખંભાત હિન્દુસ્તાનમાં મોટું ગણાતું. ઘોઘા નૌકાસૈન્યનું મથક હતું; અને ખંભાત વેપારનું મુખ્ય બંદર હતું. ખંભાત, ઘોઘા, ભરૂચ એ ખંભાતના અખાત ઉપરનાં મોટાં બંદરો હતાં. ખંભાતની ખરેખરી જાહોજલાલી દસમી સદીથી શરૂ થાય છે; તે સોળમી સદીમાં ગુજરાતની સલ્તનતના નાશ પછી ખંભાતના અખાતનો ઉપલો ભાગ પૂરાતો હોવાથી ધીમેધીમે બીજાં બંદરોમાં વહેંચાઈ જાય છે; એટલે પાંચ સદીઓ સુધી ખંભાત ભરતખંડમાં મોટું અને સમૃદ્ધ બંદર ગણાતું.[3]

---

૧ કવિ નાનાલાલ કૃત 'જહાંગીર નૂરજહાં' નાટક પૃ. ૮૪

૨ કવિ નાનાલાલ વિ. સં. ૧૯૯૩ ફાગણ વદ ૦)) આર્યપ્રકાશ. પૃ. ૨૦ ગોધરામાં આપેલું ભાષણ.

૩ વ. ૨. સ્મારક ગ્રંથ પૃ. ૧૯૪

## અમદાવાદ જેવા લંડનનું માંચેસ્ટર – ખંભાત

બારબોસા નામનો મુસાફર ગુજરાતનું વહાણવટું સારું હતું અને વેપારીઓ અને વહાણના માલિકો ઘણા હતા એમ લખે છે.[૪] એ મુસાફરે એડન આગળ કાપડ ભરેલાં ખંભાતનાં એટલાં વહાણો અને એટલો બધો કીમતી માલ ભરેલો જોયો કે જેની કિંમતનો ખ્યાલ કરીને તેને ભારે અજાયબી થઈ.

અમદાવાદના વેપારીઓનો કાપડ, ગળી અને કરિયાણાનો એવો મોટો વેપાર હતો કે મોસમમાં દર દસ દિવસે બસેં ગાડાંનો કાફલો માલ ભરીને જતો.[૫] ઈ. સ. ૧૫૯૮માં ખભાતનો વેપાર ઓછો થવાની શરૂઆત હતી, છતાં તે વખતે આવેલો મુસાફર સીઝર ફ્રેડરીક લખે છે કે વેપાર એટલો મોટો હતો કે તેણે જાતે જોયો ન હોત તો તે માનત પણ નહિ. સત્તરમી સદીમાં આવેલો ડીલાવેલ લખે છે કે ખંભાત સુરતથી મોટું અને ત્યાં ઘણાં વહાણો ભેગાં થતાં.[૬] આ ઉપરથી જણાય છે કે પંદરમી સદીમાં અને તે પહેલાં જે વખતે અખાત પૂરાતો નહિ હોય તે વખતે ખંભાતનો વેપાર કેટલો મોટો હશે ? આ સાગરની મહત્તાના પ્રતાપે !

૪ બીગ્ઝ : સીટી ઑફ ગુજરાત.

૫ પાટનગર અમદાવાદ, પૃ. ૧૧૭

૬ બો. ગે. ભા ૧ પૃ. ૨૨૫

## ' ખંભાતનો રાજા '

હિંદુસ્તાનમાં ખંભાત ઘણું જ અગ્રગણ્ય બંદર હતું; હિંદના દરેક પ્રદેશમાંથી પરદેશ માલ મોકલવા માટે ખંભાત મોકલતા. ગુજરાતના બાદશાહોને પણ ' ખંભાતના રાજા ' તરીકે સંબોધવામા આવ્યા છે. બહાદુરશાહને વિષે લખવામાં આવ્યું છે કે ' ખંભાતના રાજા બહાદુરશાહે ફીરંગીઓની મદદથી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હતું.[૭] વળી ખંભાતમાં આરબ અને ઈરાની વેપારીઓ હિંદુ વપારીઓ સાથે સલાહસંપથી રહેતા, ઈલીઝાબેથે હિન્દુસ્તાનના સમ્રાટ અકબર પર પત્ર લખ્યો છે તેમાં તેને ખંભાતનો રાજા તરીકે સંબોધ્યો છે. એટલે કે ગુજરાત કે ભારતને બદલે ' ખંભાત 'નું નામ વિશ્વમાં વિખ્યાત હોય તો જ ' ખંભાતના રાજા ' કહેવાય ! આ મહાકીર્તિધ્વજ કહેવાય. આ નામ અપાવનાર ' ખંભાતનો સાગર ' છે.

## દેવોથી રક્ષાયેલું

ખંભાત શહેરની પૂર્વ દિશાએ શિકોતરમાતા, બહૂદક; ને બળિયાદેવ આવેલ છે. ઉત્તર દિશાએ, કોટીશ્વર મહાદેવ, અને ઈશાન કોણમાં કામેશ્વર મહાદેવ; ભીમેશ્વર મહાદેવ આવેલા છે; પશ્ચિમે વહુચીમાતા અને લૂણેશ્વર મહાદેવ રક્ષણ કરે છે; અને દક્ષિણે દુર્ગાદેવી અને સાગર છોળો ઉછાળી રહ્યો છે; એમ ચતુર્દિશાએ દેવો બિરાજે છે; શહેરમાં મહોલ્લે મહોલ્લે દેવમંદિરો આવેલાં છે; દેવદેવીઓથી ભાગ્યે જ કોઈ મહોલ્લો બાકી હશે.

૭ ફિરસ્તા કૃત ગુ. ઈ. પૃ. ૧૮૧

## પ્રકરણ ૨ જું

# નામાભિધાન

"ઈસુ અનુપમ ગામ, જેહનાં બહુ છે નામ
ત્રંબાવતી પિણ કહીએ, ખંભનગર પિણ લહિએ
ભોગવતી પિણ હોય, નગરલીલાવતી હોય
કર્ણાવતી પિણ જાણું; ગઢ ગઢ મંદિર વખાણું."

કવિ ઋષભદાસ

ખંભાત માટે ગ્રંથોમાં વપરાયેલાં નામો :

સ્તમ્ભતીર્થ, સ્તમ્ભન, સ્તમ્ભનપુર, સ્તમ્ભતીર્થપુર, ખંભનયરિ, ખંભનયર, ખંભાવતી, ખંભાયતિ, ખંભાતિ, ખંભ, ત્રંબાવતી, થંભ, થંભતીરથ, થંભન, થંભણી, થંભનપુર, ખંભાત, ખંભાયત, ખંબાત, અંગ્રેજીમાં કેમ્બે; વળી મહીનગર, ગુપ્તક્ષેત્ર, ત્રંબાવટી, ભોગવતી, લીલાવતી, કર્ણાવતી, રત્નાવતી, કનકાવતી વગેરે.

## પ્રાચીન ઉલ્લેખો

### સ્તમ્ભતીર્થ

સ્તમ્ભતીર્થ નામપ્રયોગ બ્રાહ્મણોના ગ્રંથોમાં તથા જૈનોના ગ્રંથોમાં ઘણા સ્થળે વપરાયો છે. વિ. સં. ૧૧૬૩માં ગંગાધર નામના પંડિતે પોતાના રચેલા 'પ્રવાસકૃત્ય' ગ્રંથના અંતભાગમાં જણાવ્યું છે કે આ ગ્રંથ મેં વિ. સં. ૧૧૬૩માં ગુર્જરમંડળમાં આવેલા સ્તમ્ભતીર્થમાં સંપૂર્ણ કર્યો;[1] 'હેમવ્યાકરણ સૂત્ર' નામે જૈનપુસ્તક તે સ્તમ્ભતીર્થમાં સં. ૧૨૯૩માં લખાયાનો ઉલ્લેખ છે.[2] તેરમી સદીમાં સોમેશ્વરદેવે રચેલા કીર્તિકૌમુદીમાં તેનું વર્ણન આવે છે. વિ. સં. ૧૨૮૮ના ગિરનાર ઉપરના વસ્તુપાલના શિલાલેખોમાં સ્તમ્ભતીર્થનો ઉલ્લેખ છે.[3] વિ. સં. ૧૩૬૧માં રચાયેલા મેરુતુંગના 'પ્રબંધ ચિંતામણી'માં વિ. સં. ૧૪૧૫માં રચાયેલી મૂર્તિઓ ઉપરના લેખોમાં, જગડુચરિત્ર, શત્રુંજ્ય તીર્થોદ્ધાર પ્રબંધ, પ્રાચીનતીર્થમાળા વગેરે અનેક ગ્રંથોમાં 'સ્તમ્ભતીર્થ' નામના ઉલ્લેખો મળે છે. અર્થાત્ વિક્રમની અગિયારમી સદીથી છેક વીસમી સદી સુધીના સ્તમ્ભતીર્થ નામનો ઉપયોગ થતો આવેલો જોવામાં આવે છે.

## સ્તમ્ભતીર્થ અને સ્તમ્ભનકપુર — એ બે ભિન્ન છે.

સ્તમ્ભતીર્થ અને સ્તમ્ભનપુર કે સ્તમ્ભનકપુર એ બે નામો ઐતિહાસિક ગ્રંથોમાં મળી આવે છે.[4] ઉચ્ચારની સાદૃશ્યતાને લીધે તે બે એક જ હોય એવો ભાસ થાય છે. પરંતુ તે બે નામ જુદાં છે. એ નામનાં ગામ પણ જુદાં છે. જૈનગ્રંથોમાં સ્તમ્ભન પાર્શ્વનાથના નામ ઉપરથી 'સ્તમ્ભનપુર' નામ પડ્યાની કથા છે. સિદ્ધનાગાર્જુને સ્થાપિત કરેલા સ્તંભન પાર્શ્વનાથને આચાર્ય અભયદેવે "જયતિ-

૧. 'બુદ્ધિપ્રકાશ' સને ૧૯૧૪ મી. દેવદત્ત આર. ભાંડારકર એમ. એ.ની નોંધ : શ્રી. ન. ભો. દીવેટિયાનો લેખ.

૨. વસંત સં. ૧૯૬૯ પૃ. ૫૯૮.

૩. પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા. ૨ જો. ગિરનારના લેખો.

૪ 'अथ स्तंभनतीर्थ सामान्ये सालिग वसहिक' શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથના સંસ્કૃત પ્રબંધ ચિન્તામણિ પૃ. ૨૩૨ તથા પ્રભાવકચરિત્રમાં અભયદેવ સૂરિ પ્રબંધમાં स्तंभनक નામે શ્રી. પાર્શ્વનાથનું તીર્થ થયું.

દૂયણ " સ્તોત્ર ભણી વિ. સં. ૧૩૧૧માં પુનઃ પ્રગટ કર્યા. જે સ્થળે પ્રકટ્યા તે સ્તંભનપુર નામથી ઓળખાયું. આ સ્તંભનપુર શેઢી નદીના કિનારા ઉપર આવેલું તે હાલનું થાંભણા ગામ છે. જે મહેમદાવાદની પાસે આવેલું છે.

### શ્રી સ્તમ્ભનપાર્શ્વનાથ ખંભાતમાં :

વિ. સં. ૧૩૬૮ (ઈ. સ. ૧૩૧૨)

થામણામાં શ્રી સ્તંભનપાર્શ્વનાથ ઘણાં વર્ષો સુધી રહ્યા. પછી તેમને વિ. સં. ૧૩૬૮માં સ્તંભતીર્થ (ખંભાત)માં લાવવામાં આવ્યા. આ વિષે 'શ્રી સ્તંભનપાર્શ્વનાથ પ્રબંધ' નામે સંસ્કૃતગ્રંથમાં તેના રચનાર મેરુતુંગસૂરિએ લખ્યું છે; અને તેની નકલ વિ. સં. ૧૪૨૪ના ભાદરવા વદ ૩ની છે. તેમાં તે જણાવ્યું છે.[૫] આથી સ્વતઃ સિદ્ધ થાય છે કે સ્તંભતીર્થ અને સ્તંભનકપુર જુદાં છે; હાલ ખંભાતમાં શ્રી સ્તંભનપાર્શ્વનાથનું વિશાળ જિનાલય ખારવાડામાં આવેલું છે; તે ભવ્ય અને દર્શનીય છે.

### સ્તંભતીર્થ નામ કેમ પડ્યું ?

આ વિષે કુમારિકાખંડમાં કથાભાગ છે કે[૬] તારકાસુરના ત્રાસથી બધા દેવો ત્રાસી ગયા હતા. તેઓ મહાદેવ પાસે ગયા, અને તારકના ત્રાસની હકીકત કહી; અને તેના ભયમાંથી મુક્તિ મેળવવા યાચના કરી; શિવે તેનો સ્વીકાર કર્યો; છ મુખવાળા બાળક કાર્તિકેયનો સેનાપતિ તરીકે અભિષેક કર્યો. સર્વે સાથે ગયા, બાળકને જોઈ તારકાસુર ઉપહાસ કરવા લાગ્યો; પરંતુ તે મહાશક્તિશાળી હતા; વિશ્વના કલ્યાણને માટે તેમણે તારકાસુરને મારી નાખ્યો. અને કાર્તિકેયનો વિજય થયો. પછી દેવોની પ્રાર્થનાથી જેનો વિજય થાય છે તેણે 'વિજયસ્તંભ' ચિહ્ન કરવું એવી પ્રાચીન આચારપદ્ધતિ છે; તે પ્રમાણે તમો 'વિજયસ્તંભ' કરો; સ્કંદે 'તથાસ્તુ' કહી અનુમતિ આપી. ત્યાં ઈંદ્રાદિ દેવતાઓ પ્રસન્ન થઈને સુવર્ણમય ઉત્તમ રત્નોનો બનાવેલો સ્થંતુલ—બનાવી સ્તંભ રોપ્યો. વિશ્વને આનંદ આપનાર તે સ્તંભનું નામ વિશ્વનંદક રાખવામાં આવ્યું. પછી ભગવાને સ્કંદે 'સ્તંભેશ્વર' મહાદેવની સ્થાપના કરી. આ પ્રમાણે 'સ્તંભ' ઉપરથી સ્તંભતીર્થ નામ પડ્યું છે. આજે તો તે સ્તંભ નથી; પરંતુ ખંભાત ઓરિયાપાડાને નાકે શ્રી સ્તંભેશ્વર મહાદેવનું શિવાલય છે. શિવલિંગનો આકાર લગભગ સ્તંભના જેવો ગોળ છે.

### ગુપ્તક્ષેત્ર

ખંભાતનું એક નામ ગુપ્તક્ષેત્ર છે. જો કે આ વિશે પ્રચલિત કોઈ ગ્રંથમાં હકીકત નથી. પરંતુ કૌમારિકાખંડમાં[૭] તે વિષે કથા આપેલી છે કે 'કોઈ એક સમયે કોઈ નિમિત્તે સર્વતીર્થોના અધિદેવતાઓ એકત્ર થઈ બ્રહ્માજીની સભામાં ગયા. સર્વતીર્થોને આવેલા જોઈ બ્રહ્માજીએ સર્વને નમસ્કાર કર્યા, પવિત્ર આસન પર બેસાડ્યા. અને પોતાના પુત્રને તેમનું અર્ઘ્યપાદ્યથી પૂજન કરવા કહ્યું. તેમના પુત્ર પુલસ્ત્યએ હાથ જોડી કહ્યું : પિતાજી અહીં અસંખ્ય તીર્થો છે માટે તમે આજ્ઞા કરો તેટલા અર્ઘ્ય લાવું; અને જો તેમાંથી જે એક ઉત્તમ ગણીને આપવાનું કહો તો તેને અર્ઘ્ય આપું. પુલસ્ત્ય એક અર્ઘ્યપાત્ર લાવ્યા. તે સઘળાંમાંથી કોણ શ્રેષ્ઠ તે હવે નક્કી કરવાનું બાકી રહ્યું. બ્રહ્માજીએ કહ્યું કે, 'તમે સઘળાં ભેગાં મળીને તમારામાંથી કોણ મુખ્ય તીર્થ છે તે નક્કી કરીને કહો.' બધાં કહે અમે કોઈનું શ્રેષ્ઠપણું જાણતા નથી. બ્રહ્માએ પણ એમ કહ્યું; એટલે બધા શાંત પડી ગયા. ત્યાર પછી મહીસાગરસંગમ તીર્થે કહ્યું કે 'હે બ્રહ્મા તમે મને અર્ઘ્યપ્રદાન કરો કારણ કે મારી કળાનો કરોડ ભાગ કોઈથી પૂરાય એમ નથી. સર્વ તીર્થો દ્રવીભૂત થઈને મહી નામની નદી ઉત્પન્ન થઈ અને સર્વે

---

૫ આ હસ્તલિખિત ગ્રંથ પૂ. શ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે છે.

૬ કુમારિકાખંડ અ. ૩૧ થી ૩૫.

૭ કૌ.-ખંડ. અં. ૫૪